## ગોપાલપુરા ગામે દીપડો પાંજરે પુરાયો



સોનગઢ: સોનગઢના ગોપાલપુરા ગામે છેલ્લા કેટલાક દિવસોથી દીપડાના દેખાવને કારણે ભયનો માહોલ સર્જાયો હતો. સામાન્ય રીતે રાત્રે જોવા મળતો દીપડો અહીં દિવસ દરમિયાન જ ગામની આસપાસ દેખાવા લાગતાં ગ્રામજનોમાં ભારે ચિંતા પ્રસરી હતી. ઘટનાની ગંભીરતા જોતા ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને આ અંગે જાણ કરી હતી. આથી વન વિભાગની ટીમે સીમ વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું. વન વિભાગની સતત દેખરેખ અને તકેદારીના પરિણામે મંગળવારે વહેલી સવારે આ હિંસક દીપડો પાંજરામાં પુરાયો હતો. દીપડો પકડાવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં ગ્રામજનોને રાહત થઈ હતી.

# ઉચ્છલના સુંદરપુર ગામે મેદાનમાં તખ્તી ગોઠવી ને વિકાસ થઈ ગયો!

**ગ્રામજનોએ** મંત્રી ડો.જયરામ ગામીતને લેખિત રજૂઆત સાથે તપાસની માંગ કરી



વ્યારા: ઉચ્છલની માણેકપુર ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ સુંદરપુર ગામમાં પ્લે ગ્રાઉન્ડમાં ફાળવવામાં આવેલી લાખો રૂપિયાની ગ્રાન્ટમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની લેખિતમાં રજૂઆત ગ્રામજનો દ્વારા રાજ્યના મંત્રી અને નિઝર વિધાનસભાના ધારાસભ્ય ડો.જયરામ ગામીતને કરવામાં આવી છે. ગ્રામજનો દ્વારા પ્લે ગ્રાઉન્ડના વિકાસનાં કામમાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. અને એથ્લેટિક પ્લે ગ્રાઉન્ડ માટે વાપરવામાં આવેલી 14.35 લાખ રૂપિયાની કામગીરીની તાત્કાલિક સ્થળ તપાસ કરાવી ગામના સરપંચ સહિત જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુંદરપુર ગામમાં એથ્લેટિક પ્લે ગ્રાઉન્ડ માટે વર્ષ-2022 દરમિયાન 14.35 લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતાં અને પ્લે ગ્રાઉન્ડમાં ખાત મુહૂર્ત બાદ ગ્રાઉન્ડમાં જોઈએ તેવો વિકાસ જ થયો નથી ત્યારે તંત્ર દ્વારા માત્ર કામની તકતી ગોઠવી લાખો રૂપિયાનાં બિલો પાસ કરી પ્લે ગ્રાઉન્ડની કામગીરીમાં ભ્રષ્ટાચાર કરાયો હોવાથી ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. તેમજ એક જ વર્ષમાં એક જ જમીન ઉપર હેતુફેર કરી ગામના સત્તાધીશ દ્વારા તંત્રને પણ ગેરમાર્ગે દોરવામાં આવી છે. જેની પણ તપાસ કરવામાં આવે તેવી માંગ ગ્રામજનોમાં ઊઠી છે.

# મહુવામાં ગેરકાયદે ખેરનાં લાકડાંની હેરાફેરી, કાર કબજે

**અનામત** ખેરનાં લાકડાંના 41 ટુકડા મળી આવ્યા




અનાવલ: મહુવા વન વિભાગ દ્વારા ગેરકાયદે લાકડાંની હેરાફેરી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વન સંરક્ષક પુનિત નૈયર અને નાયબ વન સંરક્ષક ધીરજકુમારના માર્ગદર્શન હેઠળ મહુવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર નેહાબેન ચૌધરી અને તેમની ટીમ દ્વારા સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

ખાનગી બાતમીના આધારે મહુવા રેન્જના બોરિયા રાઉન્ડ હેઠળ આવતા બોરિયા-1 બીટ વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી. તા.8 એપ્રિલ-2026ના રોજ મઢીથી ઉવા ગામ તરફ જતી નહેર નજીકના કાચા રસ્તા પર તપાસ દરમિયાન એક બિનવારસી મારુતિ વેગનાર કાર નં.(GJ-05-CG-7299) મળી આવી હતી.

વન વિભાગની તપાસ દરમિયાન ગાડીમાંથી અનામત ખેરનાં લાકડાંના કુલ 41 ટુકડા મળી આવ્યા હતા, જેનું અંદાજિત પ્રમાણ 0.752 ઘન મીટર છે. વન વિભાગ દ્વારા ગાડી અને લાકડાંનો સમગ્ર મુદ્દામાલ જપ્ત કરી ખાતાકીય ડેપો ખેડપુર, માંડવી ખાતે જમા કરાવવામાં આવ્યો છે. આ મામલે ભારતીય વન અધિનિયમ-1927 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

હાલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર નેહાબેન ચૌધરી દ્વારા આ ગુનામાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા માટે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

# કુડસદ ટાંકી વિવાદ: હથોડા મારીને વૉલ તોડાયાનો કોન્ટ્રાક્ટરનો આક્ષેપ

**૨૯ માર્ચે** ગાંધીનગર ટીમ સાથે સુરત વાસમોથી આવેલી ટીમ સેમ્પલ્સ લીધા વિના પરત ફરી હતી

કીમ: સુરત જિલ્લામાં વધુ એક નવનિર્મિત પાણીની ટાંકી ભ્રષ્ટાચાર મામલે ગ્રામજનો આકરા પાણીએ જોવા મળી હતા. અધિકારીઓની તપાસમાં લોલમલોપ મામલે ગ્રામજનોએ અધિકારીઓનો ઉઘડો પણ લીધો હતો. સાથે સાથે ચૂંટણી બહિષ્કારની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી હતી. જો કે, હવે ભૂગર્ભમાં ઊતરી ગયેલા કોન્ટ્રાક્ટર સામે આવ્યા છે અને ગંભીર આક્ષેપ કર્યા છે.

ઓલપાડના કુડસદ ગામે ૧૫માં નાણાપંચની યોજના અંતર્ગત અંદાજે રૂ.૨૫,૪૩,૯૯૭ના ખર્ચે ૧ લાખ લિટરની ક્ષમતા ધરાવતી નવી પાણીની ટાંકી બનાવવામાં આવી છે. આ ટાંકીનું હજી લોકાર્પણ થાય એ પહેલાં સેફ્ટી વોલ અને સીડીના પ્લાસ્ટરમાં ગાબડાં પડવા લાગ્યાં છે. ટાંકીની પ્રોટેક્શન વોલ હાથ લગાવતા જ નીચે પડી રહી છે. જેને લઈને સામાન્ય પથ્થરથી ઘસતા જ બીમ કોલમમાં પ્લાસ્ટર ઉખેડવા લાગ્યું છે, જેનાથી ગ્રામજનોમાં ભય અને રોષ જોવા મળ્યો હતો. ગાંધીનગરથી નિયુક્ત કરેલ એજન્સી ટીમ તેમજ સ્થળ પર આવેલા અધિકારીઓને સ્થાનિકોનો રોષનો ભોગ બન્યા હતા. ગ્રામજનોની માંગ કરી હતી ભ્રષ્ટાચારની આ ટાંકી તોડીને નવી મજબૂત ટાંકી બનાવવાની અને વલસાડની ગઢવી પ્રોજેક્ટ નામની એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની માંગ કરી હતી. જો કે, ગ્રામજનોએ કરેલા હોહા બાદ ૧૫ દિવસથી વધુ સમય વીત્યા બાદ ભૂગર્ભમાં ઊતરેલા કોન્ટ્રાક્ટર સામે આવ્યા છે અને ગંભીર આક્ષેપ કર્યા છે.

### લોકાર્પણ ન થાય એ માટે માહોલ ઊભો કર્યો, સેફ્ટી વોલ તોડવામાં આવી છે: રાજુ ગઢવી

આ અંગે ગઢવી એજન્સીના કોન્ટ્રાક્ટર રાજુ ગઢવીએ જણાવ્યું હતું કે, અમે દરેક ફોટા વર્ક ટુ વર્ક મોકલ્યા છે. સરપંચ તેમજ સભ્ય નિર્માણમાં સ્થળ પર હતા. અમને અત્યાર સુધી કોઈ લેખિત કે મૌખિક ફરિયાદ કરી નથી. લોકાર્પણ માટે ચાવી આપી ગયા બાદ લોકાર્પણ ન થાય તેમ હથોડા કે કોઈ વસ્તુથી સેફ્ટી વોલ તોડવામાં આવી છે અને સેમ્પલ રિપોર્ટ પણ આપ્યાં છે. એકપણ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો નથી. પેમેન્ટ પણ થયું નથી. ચૂંટણીને લીધે માહોલ ઊભો કરાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરગામ કોલેજમાં જોબફેર યોજાયો




અંત્રોલી: સાબરગામની અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ તથા દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન-સાબરગામ દ્વારા Tata STRIVEના સંયુક્ત ઉપક્રમે તા.૮ એપ્રિલના રોજ ભવ્ય જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જોબ ફેરમાં કુલ ૧૩ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો, જેમાં ૧૭૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઇન્ટરવ્યુ આપ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આચાર્ય ડો.ફાલ્ગુનીબેન ઠક્કરે વિદ્યાર્થીઓને સંબોધતા એડમિશન લેટરથી લઈને ઓફર લેટર સુધીની સંપૂર્ણ સફર વિશે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજની પ્લેસમેન્ટ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં પ્લેસમેન્ટ કમિટીના ચેરમેન પ્રો. શૈલેષ પાંધી દ્વારા ટ્રસ્ટી મંડળ, આચાર્ય ઉપસ્થિત રહેલા કંપનીના પ્રતિનિધિઓ, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થી મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કડોદરામાં ચોરીનો ગુનો ઉકેલાયો

પલસાણા: કડોદરા GIDC પોલીસે ખરભાસી ગામની સીમમાં આવેલ યશ્રી કન્સ્ટ્રક્શનમાં થયેલી ચોરીનો વણશોધાયેલ ગુનો ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. ફ્લાય એશ બ્રિક પ્લાન્ટમાંથી ઇલેક્ટ્રિક મોટર અને CCTV કેમેરાની ચોરી કરનાર મૂળ ગાંધીનગર અને કડોદરા રહેતા પપ્પુ સોલંકી નામના રિક્ષા ચાલકને પોલીસે વરેલી પાટિયા પાસેથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ચોરીનો સામાન અને લોડિંગ રીક્ષા મળી કુલ રૂ.૭૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સામેલ અન્ય બે સાગરીતો કિશન અને રવિને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### લવાછા ગામનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો

સાયણ: ઓલપાડ પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે મહિનાથી નાસતા-ફરતા આરોપી સંજય ઉર્ફે લાલુ જીવણ પટેલ (રહે., નરસંગ ફળિયું, લવાછા) ને લવાછા ગામના બસ સ્ટેન્ડ પાસેથી બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. ૩૬ વર્ષીય આરોપી અગાઉ ઓલપાડ અને પારડી પોલીસ મથકના ગુનાઓમાં પણ સંડોવાયેલો છે. પોલીસના સર્વેલન્સ સ્ટાફે આરોપીની કડક પૂછપરછ બાદ ગુનાની કબૂલાત મેળવી તેની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી જેલ હવાલે કર્યો છે.

### પીપોદરામાં ભંગારિયા સામે કાર્યવાહી

હથોડા: પીપોદરા નજીક સીરીન શોપિંગ સેન્ટર પાસે આવેલા એક ભંગારના ગોડાઉનમાં પાલોદ પોલીસે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સંચાલક સફાત મોહમ્મદ હમીદ મન્સૂરી દ્વારા ભંગારના લે-વેચનાં રજિસ્ટર્સ નિભાવવામાં આવ્યાં નહોતાં. વધુમાં, ગોડાઉનમાં કામ કરતા કારીગરોના બાયોડેટા કે અન્ય પુરાવા પોલીસ મથકમાં જમા કરાવવાના અનિવાર્ય નિયમનું પણ ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ પોલીસે ગોડાઉન માલિક સામે કાર્યવાહી હાથ ધરી છે.

### બારડોલીમાં પાર્ક કરેલી મોપેડ ચોરાઇ

બારડોલી: બારડોલીના હારમોની હાઇટ્સમાં રહેતાં નિધીબેન સોલંકીનું મોપેડ નં.(GJ-19-AP-6979) ગત ૩ એપ્રિલના રોજ ચોરાઈ ગયું હતું. તેમની દીકરી મૈત્રી રાત્રે ૯ વાગ્યે મુદીત પેલેસ પાસે આવેલા સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડના દરવાજા પાસે વાહન પાર્ક કરીને બજારમાં ગઈ હતી, જ્યાંથી પોણા દસ વાગ્યાના સુમારે વાહન ગાયબ જણાયું હતું. ૨૫,૦૦૦ રૂપિયાની કિંમતના આ વાહનની શોધખોળ બાદ અંતે બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં હેડ કોન્સ્ટેબલ અતુલભાઇ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

### અનાવલમાં ક્રિકેટ સ્પર્ધામાં જીગુ નાગધરા ટીમ વિજેતા




ભોરિયા: અંબિકાના અનાવલ ખાતે શુકલેશ્વર ફળિયાના ગણેશ યુવકમંડળ FF ગ્રુપ દ્વારા ભવ્ય નાઈટ પ્લાસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. દસ દિવસ સુધી ચાલેલી આ સ્પર્ધામાં વિવિધ તાલુકાઓમાંથી કુલ 75 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના અંતિમ તબક્કે ચાર ટીમો સેમી ફાઈનલમાં પહોંચી હતી. રોમાંચક ફાઈનલ મુકાબલામાં જીગુ નાગધરા ટીમે શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી હતી, જ્યારે પીયૂષ મહુવરીયા ટીમ રનર્સ અપ રહી હતી. આયોજકો દ્વારા વિજેતા ટીમોને રોકડ ઇનામ અને ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં રમતપ્રેમીઓએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### દ્વારકાની શ્રી શારદાપીઠ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર પીએચ.ડી. થયા



પલસાણા: દ્વારકાની શ્રી શારદાપીઠ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને પલસાણાના એના ગામના વતની ડો.વ્યોમેશકુમાર રમેશભાઈ રાઠોડને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે લીમડી કોલેજના પ્રાધ્યાપક ડો.સી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ વ્યાવસાયિક મનોભાર અને માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે શાળા શિક્ષકોનો અભ્યાસ વિષય પર પોતાનું સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું. M.A., M.Ed., GSET અને NET જેવી શૈક્ષણિક યોગ્યતા ધરાવતા ડો.રાઠોડની આ સિદ્ધિ બદલ શૈક્ષણિક જગતમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

### કડોદરા જીઆઇડીસી પોલીસ મથકનો ડ્રગ્સના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે એન.ડી.પી.એસ. એક્ટના ગુનામાં સંડોવાયેલા ૨૭ વર્ષીય રીઢા ગુનેગાર રાજકુમાર ઉર્ફે રાજુ બેહરાને ઝડપી પાડ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનુલક્ષીને નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ચાલી રહેલી સ્પેશિયલ ડ્રાઇવ અને 'I Stand Strong Against Drugs' કેમ્પેઈન અંતર્ગત આ સફળતા મળી છે. પોલીસ ઇન્સ્પેક્ટર એલ.ડી.ઓડેદરાની ટીમને મળેલી બાતમીના આધારે કડોદરા-બારડોલી રોડ પર બ્રિજ નીચે વોચ ગોઠવી આરોપીની અટકાયત કરવામાં આવી હતી. મૂળ ઓરિસ્સાનો આ આરોપી અગાઉ પણ પલસાણામાં નશાકારક પદાર્થોના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલ પોલીસે તેને કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### ભોલાવની કાદંબરી હોસ્ટેલમાં યુવાનનું રહસ્યમય મોત

ભરૂચ: ભરૂચના ભોલાવ સ્થિત કાદંબરી હોસ્ટેલમાં દહેજની આરતી ફાર્મા કંપનીના ૨૪ વર્ષીય કર્મચારી વિકાસ કૌશિકની રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવી છે. મૂળ મથુરાનો આ યુવાન બુધવારે સવારે પોતાના રૂમમાં બેભાન હાલતમાં મળી આવતાં ૧૦૮ દ્વારા તેને મૃત જાહેર કરાયો હતો. મૃતકના કપાળ પર ઈજાનાં નિશાન હોવાથી ઘટના વધુ શંકાસ્પદ બની છે. ભરૂચ સી ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પેનલ પોસ્ટમોર્ટમ દ્વારા તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# વાલોડમાં ડબલ મર્ડર ધાડના ગુનાનો વૉન્ટેડ આરોપી 25 વર્ષે ઝડપાયો

**તાપી** LCB આરોપીને ઉત્તર પ્રદેશથી ઊંચકી લાવી




વ્યારા: તાપી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચને વર્ષ ૨૦૦૦ના ચકચારી ડબલ મર્ડર અને ધાડના ગુનામાં મોટી સફળતા મળી છે. છેલ્લાં ૨૫ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા વોન્ટેડ આરોપી ગિરીશચંદ્ર ઉર્ફે લલ્લુ મિશ્રાને પોલીસે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢથી ઝડપી પાડ્યો છે.

માર્ચ-૨૦૦૦માં આઠ આરોપીએ ભેગા મળીને કીમ ચાર રસ્તા પાસેથી યાર્ન ભરેલી એક ટ્રક નં.(MH 04 P 3476)માં મુસાફર તરીકે પ્રવેશ મેળવ્યો હતો. વાલોડ નજીક ટ્રક ઊભી રખાવી, આરોપીઓએ ટ્રક ચાલક પરસરામ યાદવ અને ક્લીનર નનકન યાદવની કેબલ વડે ફાંસો આપી નિર્મમ હત્યા કરી હતી. ત્યારબાદ ૭ લાખની કિંમતના ૧૨૯ યાર્ન કાર્ટૂનની લૂંટ કરી, લાશોને વાલોડ અને માંડવી વિસ્તારમાં ફેંકી આરોપીઓ ટ્રક મૂકી ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં કુલ ૮ આરોપી સંડોવાયેલા હતા, જેમાંથી અગાઉ ૫ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, પકડાયેલા આરોપીઓ પૈકી શમશેરઅલી અખબરખાન ભરૂચ ખાતે પોલીસ જાપ્તામાંથી ભાગવા જતાં એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. લાંબા સમયથી વોન્ટેડ ગિરીશચંદ્ર (ઉં.વ.૫૨) ઉત્તર પ્રદેશમાં છુપાયો હોવાની ચોક્કસ બાતમીના આધારે તાપી LCBની ટીમે ત્યાં દરોડો પાડી તેને દબોચી લીધો હતો. આ ચકચારી કેસમાં હજુ પણ બે આરોપી પોલીસ ચોપડે વોન્ટેડ છે, જેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. ૨૫ વર્ષ જૂના આ 'અનડિરેક્ટ' ગુનાનો ભેદ ઉકેલાતા પોલીસ તંત્રમાં સંતોષની લાગણી ફેલાઈ છે.

# મહુવાના નિહાલી ગામમાં દીપડી પાંજરે પુરાઈ: ગ્રામજનોને હાશકારો

**40** દિવસમાં એક જ વિસ્તારમાં દીપડા પકડાવાની ચોથી ઘટના




અનાવલ: મહુવાના નિહાલી ગામમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓના વધતા આંટાફેરા કારણે ગ્રામજનો ભયના માહોલમાં જીવન જીવવા મજબૂર બન્યા છે. પાલતુ પશુઓ પર વધી રહેલા હુમલા તેમજ ખેતરાળ અને રહેણાક વિસ્તારોમાં દીપડાની અવરજવર અંગે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા ગામના પટેલ ફળિયામાં ચાર રસ્તા નજીક પાંજરું ગોઠવી તેમાં મારણ તરીકે મરઘી મૂકીને દીપડાને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તા.8 એપ્રિલ-2026, બુધવારના રોજ સવારે આશરે 6:30 વાગ્યે એક કદાવર 1.5 વર્ષની દીપડી મારણના લોભે પાંજરામાં પ્રવેશતા આબાદ રીતે પાંજરે પુરાઈ ગઈ હતી.

દીપડી પાંજરે પુરાતાં બહાર નીકળવા માટે ત્રાડો પાડતાં સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી દીપડીનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા 40 દિવસમાં આ જ વિસ્તારમાંથી ચાર દીપડા પાંજરે પુરાયા છે, તેમ છતાં ગ્રામજનોમાં ભય યથાવત છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગામના સીમ વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં હજી પણ અન્ય દીપડાઓ મુક્તપણે ફરી રહ્યા છે, ખાસ કરીને રાત્રિના સમયે ખેતરમાં પિયત માટે જતા ખેડૂતો અને પશુપાલકોમાં ડરનો માહોલ વ્યાપેલો છે. ગામના અગ્રણીઓએ વન વિભાગની કામગીરીને બિરદાવતા જણાવ્યું છે કે, વધુ સુરક્ષા માટે ફરીથી આ સ્થળે પાંજરું ગોઠવવામાં આવે. ગ્રામજનોનું માનવું છે કે દીપડાનો પરિવાર હજી પણ વિસ્તારમાં સક્રિય હોઈ શકે છે. વન વિભાગ દ્વારા પકડાયેલ દીપડીનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરી તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

## લવેટ ગામે દીપડાએ બે પશુનું મારણ કર્યું

વાંકલ: માંગરોળ તાલુકામાં વન્યજીવોનો રહેણાક વિસ્તારોમાં પ્રવેશ વધતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છે. લવેટ ગામે દીપડાએ મારણ કરતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

લવેટ ગામના રહેવાસી મીનાબેન ચૌધરીના ઘરના પાછળના ભાગે આવેલા કોઢારમાં બાંધેલી એક ગાય અને વાછરડી પર ગત રાત્રિએ દીપડાએ હુમલો કર્યો હતો. શિકારની શોધમાં રહેણાક વિસ્તારમાં ઘૂસેલા દીપડાએ બંને પશુઓને ફાડી ખાધાં હતાં. સવારે જ્યારે પશુપાલક જાગ્યા ત્યારે લોહીલુહાણ હાલતમાં પશુઓના અવશેષો જોઈ તેમના હોશ ઊડી ગયાં હતાં. આ ઘટના અંગે વાંકલ વન વિભાગના આર.એફ.ઓ. હિરેન પટેલને જાણ કરવામાં આવતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અધિકારીઓએ પંચનામું કરી પશુપાલકને સરકારી સહાય મળે તે માટે ફોર્મ ભરવાની તજવીજ હાથ ધરી હતી. દીપડાના પગલે ગ્રામજનોમાં ભારે ફાળ પડી છે, જેને પગલે વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા માટેની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# કારેલીમાં ૯૦ વર્ષીય વૃદ્ધાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણા: પલસાણાના કારેલીમાં ગણેશ રેસિડન્સીમાં રહેતાં ૯૦ વર્ષીય વૃદ્ધા જયવંતાબાઈ ધુડકુ પાટીલે અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર મૂળ મહારાષ્ટ્રના જલગાંવના ચોપડા તાલુકાના નાગલવાડી ગામના વતની અને હાલ કારેલી ગામની ગણેશ રેસિડન્સીના મકાન નં.૧૬૬માં રહેતા જયવંતાબાઈ પાટીલે ગત તા.૭ એપ્રિલ-૨૦૨૬ના રોજ બપોરે 2 વાગ્યા પહેલાંના સમયેવૃદ્ધાએ મકાનના ઉપરના રૂમમાં પતરાના શેડના લોખંડના એંગલ સાથે સફેદ દોરી બાંધી ફાંસો લગાવી લીધો હતો. આ ઘટના અંગે રાહુલ સમાધાન પાટીલે પલસાણા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વૃદ્ધાએ આટલી મોટી ઉંમરે કયા સંજોગોમાં આ પગલું ભર્યું તે બાબતે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

## કુડસદ નજીક અકસ્માતમાં યુવકનું મોત

કીમ: ઓલપાડના કુડસદ ગામે કન્યાસી-કીમ રોડ પર ગત રાત્રે બે મોટરસાઇકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતા બાઈક ચાલકે સામેની મોટરસાઇકલને ટક્કર મારતાં ધુલિયાના દિનેશભાઈ બ્રાહ્મનકર (ઉં.વ.૪૦)નું માથામાં ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ મામલે કીમ પોલીસે અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદરામાં ચપ્પુ સાથે એક ઝડપાયો

**બીજી** ઘટનામાં પોલીસ સ્ટેશનની સામે જ કાર ચાલકને ચપ્પુ બતાવ્યું

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસ મથકની હદમાં આવતા ચાર રસ્તા પાસેથી જાહેરમાં ધારદાર ચપ્પુ સાથે ફરતાં એક યુવકની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સુરત ગ્રામ્યના કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ મિતેશ અનીલભાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ પોલીસની ટીમ જ્યારે કડોદરા ચાર રસ્તા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમીના આધારે એક શંકાસ્પદ યુવકને રોકીને તેની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન મૂળ બિહારના પટના જિલ્લાના અને હાલ કડોદરાની નીલકંઠ રેસિડેન્સીમાં રહેતા ૨૨ વર્ષીય રવિસિંગ અભયસિંગ ભૂમિહાર પાસેથી કાળા કલરના કવરમાં છુપાવેલું એક સ્ટીલનું અને બંને બાજુ ધારવાળું ચપ્પુ મળી આવ્યું હતું. પોલીસે આરોપી રવિસિંગની પૂછપરછ કરતાં તે કોઈ શરીર સંબંધી ગુનો કરવાના ઈરાદે આ હથિયાર સાથે રાખી રહ્યો હોવાનું જણાયું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે.

બીજી ઘટનામાં બુધવારે સવારના 9થી 10 વાગ્યાની આસપાસ એક પરિવાર કાર લઈ સુરતથી કડોદરા તરફ જઇ રહ્યો હતો. ત્યારે અંત્રોલી ગામની હદમાં જીઆઈડીસી પોલીસ સ્ટેશનની સામેથી પસાર થતા હતા એ વેળા એક મોપેડ ચાલક સાથે વાહન ચલાવવા બાબતે રકઝક થતાં મોપેડ ચાલકે રોડ પર જાહેરમાં આ કાર ચાલકને ધોળા દિવસે પોલીસ સ્ટેશનની સામે ચપ્પુ બતાવ્યું હોવાની ઘટના બની હતી.

અહીં કાર ચાલકે 112 પર ફોન કરી જાણ પણ કરી હતી. જો કે, આ ચપ્પુ બતાવનાર સ્થાનિક હોવાની સંભાવના છે. તે ભૂરી ફળિયા તરફ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.